વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ઓગષ્ટ, ૨૦૨૩ Vol. 17 No. 8

# કોઇપણ વ્યક્તી મીલકત તો નથી જ !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# મગજ એટલે શું ?

એવો અંદાજ છે કે મગજમાં દશ લાખ જ્ઞાનતંતુઓ છે. આ જ્ઞાનતંતુઓને સાંધતા રેસા દશ લાખ અબજ છે ! કૃત્રીમ બુદ્ધીમતા પણ આટલા જ્ઞાનતંતુઓ અને રેસા પોતાનામાં સમાવવા રોજબરોજ આગળ વધે એ માટે વૈજ્ઞાનીકો રાત–દીવસ કામ કરે છે.

માણસને (એટલે કે વૈજ્ઞાનીકોને) એ ખ્યાલ આવી ગયો કે બુદ્ધીથી આપણે આપણી આજુબાજુની દુનીયાને પણ પુરી પારખી શકતા નથી. એનો અર્થ એ કે કેટલાક સર્વજ્ઞાની હોવાનો દાવો કરી પોતાને દૈવી શકતીવાળા હોવાનો દાવો કરે છે તે ખોટું છે. મગજ જે રીતે બુદ્ધીને પેદા કરે છે તે મગજ જેવા જ યંત્રો–સાધનો બનાવીને માણસના શરીરની બહાર પણ બુદ્ધી પેદા કરી શકાય. અનેકવીધ પ્રયોગો અને અવલોકનો કરીને વૈજ્ઞાનીકોએ જેયું કે એક માણસ બીજા માણસ/સો સાથે સંવાદ કરીને મોટા ભાગની બુદ્ધીનું સર્જન કરે છે. સંવાદ માટે ભાષાની જરુર પડે છે. અન્ય ક્ષેત્રોમાં ઈલેકટ્રોનીકસની ટેકનોલોજી શોધાઈ હતી. આ ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈલેકટ્રોનીક બાળક પેદા કરવામાં આવ્યું. એની સાથે નીયત ભાષામાં સંવાદ શરુ કરવામાં આવ્યો. સંવાદ દરમીયાન એ બાળકમાં બુદ્ધી પેદા થાય અને તેનો સંગ્રહ થાય એની વ્યવસ્તા થઈ. આ વ્યવસ્થા સફળ થઈ અને કૃત્રીમ બુદ્ધીમા પ્રથમ પગથીયું મંડાયું.

### ભેજું કોના બાપનું !

ભેજામાં કઈ ક્રીયા કયાં પરીણામ લાવે છે, અને એ ક્રીયા વખતે કયો કોશ કેવી રીતે કામ કરે છે તે જો સમજાય તો મગજમાં સંતાયેલી બુદ્ધીને જાણી શકાય. આ જાણવા વૈજ્ઞાનીકોએ અનેક ઉંદરને એવી તાલીમ આપી કે જો એ એની સામેની લાકડીને હલાવશે તો એને ખાવાનું મળશે. આ તાલીમ આપ્યા પછી વૈજ્ઞાનીકોએ એના મગજમાં ઈલેકટ્રોડ મુકયા કે જે કોશોની ક્રીયાને નોંધી શકે. ઉંદરને ખાવાની ઈચ્છા જયારે જયારે થઈ ત્યારે ત્યારે એણે લાકડીને હલાવી. ઉંદરને ઈચ્છા થઈ, ઉંદરે વીચાર્યું કે લાકડી હલાવવાથી ખાવાનું મળશે અને પછી લાકડી હલાવી. આ ત્રણ પ્રક્રીયામાં વીચારવાની બીજી પ્રક્રીયા મગજમાં થઈ. ઈલેકટ્રોડે તે નોંધી. ઘટનાક્રમમાં વીચારવાની બીજી ઘટના હતી. ઈલેકટ્રોડે તે નોંધ્યું. આથી વૈજ્ઞાનીકોએ ધીરે રહીને લાકડી ખેંચી લીધી. ઈલેકટ્રોડમાં જેવું ઉંદરના વીચારવાનું સીગ્નલ આવે કે તરત એને ખાવાનું મળે એવી વ્યવસ્થા વૈજ્ઞાનીકોએ કરી. આવું ચાર–પાંચ વાર બન્યું એટલે ઉંદરભાઈને મજા આવી ગઈ કે પોતે વીચારે છે એટલે ખાવાનું મળે છે ! આ બાજુ ઈલેકટ્રોડ દ્વારા વૈજ્ઞાનીકોએ એ વીચારતા કોશોને અને તેની ક્રીયાને નોંધી. બાકીનું કામ તો સહેલું હતું. મગજ–શરીરની બહાર એવા કોશ બનાવવા. વૈજ્ઞાનીકોએ તે બનાવ્યા અને કૃત્રીમ બુદ્ધીમતાના સર્જન તરફ વધારાનું એક પગલું મંડાયું.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ ઓગષ્ટ, ૨૦૨૩ | સળંગ અંક : ૩૮૧ | Vol. 17 No. 8

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## કોઈપણ વ્યકતી મીલકત તો નથી જ !

–સુર્યકાન્ત શાહ

આપણે રેશનાલીસ્ટો દઢપણે માનીએ છીએ કે કોઈ પણ વ્યકતી કોઈ અન્ય વ્યકતીની મીલકત નથી. આપણી આ માન્યતાનો પાયો માનવવાદ છે. આપણે સમાનતાના આગ્રહી છીએ. કોઈપણ વ્યકતી અન્ય વ્યકતીની માલીક હોવાનો દાવો કરે ત્યાં જ માનવવાદ પરવારી જાય છે. વીકૃત એવી અસમાનતા પ્રવેશે છે. ઈતીહાસ તપાસતા અને આજુબાજુ નજર નાંખતા દેખાય છે એવું કે પદ, પ્રતીષ્ઠા કે પૈસાના જોરે કેટલાક સબળા બને છે. જેમની પાસે આ ત્રણે કે એકાદ પણ હોતું નથી તે નબળા બને છે. સબળાઓ હંમેશાં નબળાનું રેગીંગ કરે છે. રેગીંગ કરવા માટે નબળાઓને પોતાની મીલકત હોવાનું નકકી કરવું–કરાવવું પડે છે. નબળાઓ મોટે ભાગે લાચારીના માર્યા મીલકત બનવાનું સ્વીકારે છે. આ બાબતમાં સમાજ મહદ્અંશે સબળાને જ સાથ આપે છે. આમ સમાજ પોતે જ 'સમાજવીરોધી' બને છે. અવાસ્તવીક એવા અપાર્થીવ તત્ત્વના નામે, કર્મના સીદ્ધાંતને નામે કે કોઈકનામાં દૈવી શકતી હોવાના દાવાના નામે સબળાના શોખને વાજબી ઠેરવવામાં આવે છે. એ ત્યાં સુધી વાજબી ઠરે છે કે ખુદ શોષીત પોતે માનતો થઈ જાય છે કે એનું થતું 'શોષણ' વાજબી છે !

મા–બાપ કે વાલીની છત્રછાયા હેઠળ જ્યાં સુધી સંતાનો હોય છે ત્યાં સુધી મા–બાપ સબળા છે, અને સંતાન નબળું છે. આથી જરાયે સંકોચ વીના જાહેરમાં અને તે


ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઇ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

પણ મુખ્ય મંત્રી સમક્ષ માંગણી કરી શકાય છે કે મા–બાપની સંમતી વીના સંતાન પ્રેમ અને તેને પગલે પગલે લગ્ન કરી શકે નહીં. પરીસ્થીતીની કરુણતા એ છે કે જેમણે બંધારણના નામે સોગંદ ખાધા છે તે મુખ્યમંત્રી એના પર હકારાત્મક વીચારણા કરવાનું વચન આપે છે ! એમની આ માંગણીનો કોઈ કુંવારા કે પ્રેમાધીન યુવક–યુવતીએ કે એમના મંડળે વીરોધ કર્યો હોય તો તે જાણમાં નથી. એનું કારણ સ્પષ્ટ છે. તેઓ મા–બાપ/વાલીના આશ્રીત છે. એમને મન સંતાનો એમની 'મીલકત' છે.

વાંચવામાં આવ્યું છે કે બાગેશ્વરના ધીરેન્દ્ર શાસ્ત્રી સેંકડો ભગતો સમક્ષ ગૌરવપુર્વક જાહેર કરી શકયા કે સૌભાગ્યના શણગારવાળી કોઈ મહીલા દેખાય તો સમજવું કે એ 'પ્લોટ' (!) વેચાઈ ગયો છે. એના વગરની દેખાય તો સમજવું કે એ વેચાવાનો બાકી છે ! શ્રોતા ભગતોમાં મહીલાઓ પણ હતી. એમના આ વીધાનના પ્રતીઘોષ તરીકે શ્રોતાઓએ મુકત હાસ્ય વેર્યું, અને તાળીઓનો ગડગડાટ કર્યો. આ તબકકે મને બોલ્શેવીક ક્રાંતી સફળતાપુર્વક પાર પાડયા પછીના લેનીન યાદ આવે છે. એમના જ પ્રથમ ક્રમના સરદારે જયારે એમને એમ પુછ્યું કે રાષ્ટ્રની કોઈપણ માલીકીની સંપત્તી જો સમગ્ર દેશની જ થવાની હોય તો મહીલા નામની સંપત્તીનું શું કરીશું. લેનીને ત્યારે જવાબ આપેલો, 'મારા મીત્ર, મહીલા એ મીલકત નથી, વ્યકતી છે !' આ વીધાન થયાને સોથી પણ વધારે વર્ષો થયા તો પણ ધીરેન્દ્ર શાસ્ત્રી અને એવા અનેક માણસો મહીલાને મીલકત ગણતા નીવેદનો કર્યે જ રાખે છે. વાનગીનાં કાર્યક્રમો ચલાવતા કોઈપણ મહીલા સંગઠને તેનો વીરોધ કર્યો હોય તો તે જાણમાં નથી. કારણ સ્પષ્ટ છે. ભણેલી મહીલાઓ પણ એકવાર અભણ હોય કે કમાતો નહીં હોય તો પણ તેનો પતી એક પુરુષ હોવાથી એની સમક્ષ એ નબળી છે. આથી તે મૌન રહીને સહન કરવાનું સ્વીકારે છે.

કોઈ એક મહીલાને વીજેતા જુથ, લશ્કર કે શાસનકર્તાઓ જાહેરમાં નીર્વસ્ત્ર કરી, એને શેરીઓમાં ફેરવીને પછી 'ભુખ્યા' આખલાઓ સમક્ષ ચુંથવા' માટે કેમ છોડી દે છે ? એનું કારણ સ્પષ્ટ જ છે. એમાં જાતીય આનંદ લેવા કરતાં વધારે હારેલા જુથ, લશ્કર કે શાસીતોની 'મીલકત' નો ખુડદો બોલાવી દેવામાં આવ્યો તે માન્યતા કામ કરે છે. આવા બનાવોમાં જીતેલા કરતાં તો વધારે હારેલા લોકો પોતાની મહીલાઓને મીલકત સમજે છે, અને તે જીતેલા જાણતા હોય છે તેથી હેવાનીયત થાય છે. બહુ જ ઓછા આવા પ્રસંગોએ શોષીત મહીલાઓએ પોતે વીરોધ કર્યો હોય, આપઘાત કરવાનું રાખ્યું હોય. એનું કારણ છે,

(વધુ પાના નં.–૪ ઉપર)

## વીચ્છીન્નતા

**–તંત્રી લેખ**

પરસ્પર વીરોધી વીચારો ધરાવીને તેનો અમલ કરતો સમાજ અને વ્યકતી વીચ્છીન્ન વ્યકતીત્વવાળી થઈ જાય છે. એવું બની જાય છે કે એને સફેદ પણ સારું અને અપનાવ્યા યોગ્ય લાગે છે, અને કાળું પણ ! એની પાસે કોઈ તાર્કીક દલીલ નથી કે નથી કોઈ ચોકકસ હેતુ. ઘરમાં કોઈનું મૃત્યુ થાય ત્યાં સુધી આપણને કોઈક બારમા તેરમાની વીધી વીરુદ્ધ એની નાભીમાંથી જાણે બોલતો હોય એવું લાગે. આપણને ખાતરી થાય કે કદાચ એવી કોઈ દુઃખદ ઘટના એના કુટુંબમાં બને તો એ ચોકકસ બારમા–તેરમાની વીધી કરશે નહીં. એના કુટુંબ્માં કોઈનું મૃત્યુ થાય ત્યારે એની અંતીમ યાત્રાના આપણે સાક્ષી બન્યા હોઈએ. ત્યારબાદ દશમે–અગીયારમે દીવસે એનો આપણા પર ફોન આવે કે બારમા–તેરમાની વીધીમાં આપણે અચુક આવીએ ! આપણને સાઘાત આશ્ચર્ય થાય. આપણે એના આવા બેહુદા વર્તનનું કારણ નહીં જાણવા માંગીએ તો પણ એ વણમાંગ્યા ખુલાસા કરે. 'હું તો માનતો નથી, પણ મારા બા જીદ પકડીને બેઠા, બીજા બધા તો ઠીક, પણ દીકરો જ કહે છે કે બારમુ–તેરમું તો નીમીત્ત છે. એ બહાને બધા મળે, વાતો કરે એટલે આપણું દુઃખ ઓછું થાય.' આપણામાં ડહાપણ હોય તો વીના દલીલ કર્યે એ સાંભળી લેવાનું અને એમાં માનતા નહીં હોઈએ તો જવાનું નહીં. મોટા ભાગના લોકો આવું વીચ્છીન્ન વ્યકતીત્વ ધરાવે છે. સમાજનું પણ એવું જ છે. જુઆને બંધારણના નામે બીનસાંપ્રદાયીકતાવાળા દેશના આપણે નાગરીક હોવાની બડાશ હાંકીએ છીએ, અને ડગલે ને પગલે કોમવાદ, જ્ઞાતીવાદ અને ધર્મના નામે ઝઘડા કરીએ છીએ !

વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમની બાબતમાં આપણે વીચ્છીન્નતાના શીખરે છીએ ! એક બાજુ ડીજીટલનો ઉપયોગ કરવામાં આપણે ગૌરવ અનુભવીએ છીએ, અને પૃથ્વી વાસ્તવમાં દડા જેવી ગોળ હોવાનું સ્વીકારીને વીમાન–યાત્રા, સંદેશાવ્યવહાર અને અમેરીકા–ભારતના સમય તફાવતને સમજીએ છીએ. બીજી બાજુ આપણે પ્રમાણીકપણે માનીએ છીએ કે પૃથ્વી સપાટ છે. અનેક સાધુ–સંતો આવો દાવો કરે છે, તેમાં આપણે સુર પુરાવીએ છીએ. એક બાજુ, રોગનીદાન કે સુશ્રુતાની બાબતમાં આપણે ખરુ–ખોટું માની લઈએ છીએ કે ડોકટરની ક્ષતીને કારણે આપણા સગા કે સ્નેહીનું અવસાન થયું. આગળ વાસ્તવીકતા શું છે તે જાણવાની તસ્દી લેવાને બદલે આપણે ડોકટરને ટીપી નાંખીએ છીએ. બીજી બાજુ સગા કે સ્નેહીનું અવસાન ભગવાનની ઈચ્છાને કારણે, એના

પુર્વભવના કર્મો પુરા થયા તેથી એણે ચીરવીદાય લીધી એવું માનીએ–મનાવીએ છીએ.

હમણાં જ જુઆને આપણાં જનમાધ્યમો રોજેરોજ ચંદ્રયાનની ચંદ્ર તરફની ગતી–વીધીની રજેરજ માહીતી આપે છે. આપણી આ વૈજ્ઞાનીક સીધ્ધી બદલ આપણો કોલર ઉંચો કરીએ છીએ. કેટલાંકને તો એમાં આપણે વીશ્વગુરુ બની ગયાનાં સપનાં પણ આવવા માંડયા છે ! વીશ્વગુરુ બનવું હોય તો વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમથી જ બની શકાય એવો તેઓ આડકતરો સ્વીકાર કરે છે. એ જ જનમાધ્યમો રોજેરોજ આપણા સૌનું ભવીષ્ય જથ્થાબંધ પાયે વાંચે છે ! રાશીના આધારે કોઈ રોજનું તો કોઈ અઠવાડીયાનું જયોતીષ જોય છે. કેટલીકવાર તો એવું બને છે કે ચંદ્રયાનની ગતી–વીધીના સમાચાર આપીને તરત કોઈ ચેનલવાળા જયોતીષ ભવીષ્યનો એપીસોડ શરુ કરે છે. કેટલીકવાર વર્તમાનપત્રમાં એક જ પાન પર ચંદ્રયાનના સમાચાર અને અઠવાડીક ભવીષ્ય પ્રસીદ્ધ થાય છે ! મારા વહાલા એટલો વીવેક પણ દાખવતા નથી કે એ અઠવાડીક ભવીષ્યના ગપ્પાંમાંથી મંગળ અને ચંદ્રની અસરની ઉટાંગપટાંગ વાતને નાબુદ કરે. બન્ને સાથે વાંચતા વાચકે એવો નીર્ણય લેવો પડે છે કે કયાં તો ચંદ્રયાનની વાતો જુઠ્ઠી અથવા અઠવાડીક ભવીષ્યની વાતો જુઠ્ઠી. વાચક એવું કરતો નથી કારણ કે એનું વ્યકતીત્વ પણ વીચ્છીન્ન જ છે ! બધા જયારે સરખે સરખા મળ્યા હોય ત્યારે સાચી વાત અને વીવેકબુદ્ધી તરફ જવાનું વ્યકતી કે સમાજ માટે મુશ્કેલ બને છે. આ વીચ્છીન્ન વ્યકતીત્વની આપણા માનસ, આપણા વ્યવહારો અને આપણી સમગ્ર તંદુરસ્તી પર વીપરીત અસર પડે છે તેનો આપણને ખ્યાલ આવતો નથી. સમાજમાં વીશ્વાસ, તર્ક અને સુગ્રથીતતાનો લોપ થાય છે તે પણ સમજાતું નથી ! આવી અણસમજ આપણને ભલે ખાડામાં ઉતારે, આપણને તેનાથી દુઃખ થતું નથી. પછાતતાનો પણ આનંદ તો લઈ શકાય જ છે !

---

(પાના નં.–૨ નું ચાલુ)

મોટાભાગની મહીલાઓ પણ ઉંડે ઉંડે સમજે છે કે તેઓ હારેલાની મીલકત હતી તેથી જીતેલાઓ એમની સાથે હેવાનીયત કરી.

સવર્ણોના દલીતો પરના આજે પણ આ જુલમો એ માન્યતાના આધારે થાય છે કે સવર્ણોના મતાનુસર દલીતો એમની મીલકત છે. અહીં એક રુપેરી કીનાર દેખાય છે. આવા ગણનાપાત્ર કીસ્સાઓમાં દલીતો જ એવા જુલમોનો સામનો કરતા થયા છે. આવા દલીતોને સલામ ! એમનામાંથી સંતાનો, મહીલાઓ અને હારેલાઓની અબળાઓ બોધપાઠ લે. તેઓ પોતે જ વીરોધ કરે, ભલે શહીદ થઈ જવું પડે તો પણ !

'સત્યાર્થ – પ્રકાશક' માં દયાનંદ

# મુર્તીપુજા : સીડી નહી, પરંતુ મોટી ખાઈ

પ્રશ્ન : મુર્તીપુજાની શરુઆત કયાંથી થઈ ?

ઉત્તર : મુર્તીપુજાની શરુઆત જૈનોથી થઈ.

પ્રશ્ન : જૈનોએ તેની શરુઆત કયાંથી કરી ?

ઉત્તર : પોતાની મુર્ખતાથી – અવીદ્યા–અજ્ઞાનથી.

પ્રશ્ન : જૈનોનું કહેવું છે કે શાંત–ધ્યાનાવસ્થીત બેઠેલી મુર્તીને જોવાથી આપણા જીવનું પણ એવું જ શુભ પરીણામ થાય છે.

ઉત્તર : જીવ ચેતન છે, અને મુર્તી જડ છે. તો ય શું જીવ પણ મુર્તીની જેમ જડ થઈ જશે ? આ મુર્તીપુજા ફકત પાખંડ છે અને તેનો આરંભ જૈનોથી થયો છે.

પ્રશ્ન : વૈષ્ણવ વગેરે લોકોએ મુર્તીઓમાં જૈનોનું અનુકરણ નથી કર્યું; કારણ કે વૈષ્ણવ વગેરેની મુર્તીઓ જૈનોની મુર્તીઓ જેવી નથી.

ઉત્તર : હા, એ ઠીક છે. જો એ વૈષ્ણવ વગેરે લોકોએ પોતાની મુર્તીઓ જૈનોની મુર્તીઓ જેવી બનાવી હોત, તો (ભેદ ન રહેવાના કારણે) તેઓ જૈન મતમાં ભળી જાત, એટલે કે કશો ભેદ ન રહેત. આથી તેઓએ પોતાની મુર્તીઓ જૈનોની મુર્તીઓથી વીરુદ્ધ–અલગ પ્રકારની બનાવી ! કારણ કે જૈનોનો વીરોધ કરવો એ એમનું કામ હતું, અને એમનો વીરોધ કરવો એ જૈનોનું મુખ્ય કામ હતું. જૈનોએ નગ્ન, ધ્યાનાવસ્થીત અને વીરકત મનુષ્ય જેવી મુર્તીઓ બનાવી છે, જ્યારે વૈષ્ણવ વગેરેએ જૈનોથી વીરુદ્ધ ઈચ્છા મુજબની શૃંગારીત, સ્ત્રી–સહીત, રંગ–રાગ અને ભોગ–વીષયાસકતી–સહીત આકારની ઉભી અને બેઠેલી મુર્તીઓ બનાવી છે. જૈનો શંખ, ઘંટા, ઘડીયાળ વગેરે વાજાં બહુ નથી વગાડતા, જયારે આ લોકો ભારે કોલાહલ કરે છે. આવી લીલા રચવાથી જ વૈષ્ણવ વગેરે સંપ્રદાયી પોપાના ચેલાઓ જૈનોની જાળથી બચીને આ લોકોની લીલામાં આવી ફસ્યા, અને આ લોકોએ વ્યાસ વગેરે મહર્ષીઓના નામથી અનેક મનમાન્યા અસંભવ ગાથાયુકત ગ્રંથો પણ બનાવ્યા. એ ગ્રંથોનું નામ 'પુરાણ' રાખીને તેઓ કથા પણ સંભળાવવા માંડયા. પછી એવી એવી વીચીત્ર માયા રચવા લાગ્યા કે પથ્થરની મુર્તીઓ બનાવીને કોઈ પહાડ

કે જંગલમાં ગુપ્ત રીતે મુકી આવ્યા અથવા જમીનમાં દાટી આવ્યા, અને પછી પોતાના ચેલાઓમાં પ્રસીદ્ધ કર્યું કે : 'મને રાતના સ્વપ્નમાં મહાદેવ, પાર્વતી, રાધા, કૃષ્ણ, સીતા, રામ, લક્ષ્મી નારાયણ, ભૈરવ, હનુમાન વગેરેએ આવીને કહ્યું કે, તું જ અમારો પુજારી થા, તો અમે તમને લોકોને મનવાંછીત ફળ આપીશું.'

જયારે 'આંખના આંધળા અને ગાંઠના પુરા.' એટલે કે ધનવાન પણ સમજ વગરના લોકોએ પોપજીની આ લીલા સાંભળી ત્યારે તેઓએ તેને સાચી જ માની લીધી. અને તેમણે પૂછ્યું કે : 'એવી એ મુર્તી કયાં છે ?' ત્યારે તો પોપજી બોલ્યા કે : 'એ મુર્તી અમુક અમુક પહાડ કે જંગલમાં છે, ચાલો મારી સાથે, હું તમને એ મુર્તી બતાવું.' ત્યારે એ આંધળાઓ પેલા ધુર્તની સાથે ગયા, અને ત્યાં પહોંચીને જોયું તો આશ્ચર્યચકીત થઈ ગયા, અને પેલા પોપના પગમાં પડીને તેને કહ્યું કે : 'આપના ઉપર આ દેવતાની મોટી કૃપા છે. હવે આપ આ મુર્તીને અહીંથી લઈને ચાલો, અમે લોકો આનું મંદીર બનાવી આપશું. તેમાં આ દેવની સ્થાપના કરીને આપ જ તેની પુજા કરો, અને અમે પણ આ પ્રતાપી દેવતાનાં દર્શન–સ્પર્શન કરીને મનોવાંછીત ફળ પામીશું.' આ પ્રકારે જયારે એકે લીલા રચી, ત્યારે તેને જોઈને બીજા બધા પોપ લોકોએ પોતપોતાની જીવીકા માટે આવાં છળ–કપટ રચીને મુર્તીઓ સ્થાપીત કરી.

પ્રશ્ન : પરમેશ્વર નીરાકાર છે. તે ધ્યાનમાં આવી શકતો નથી. એટલા માટે મુર્તી જરુર હોવી જોઈએ. માણસ કશુંય ન કરે, તેના કરતાં તો કોઈ મુર્તી સમક્ષ જઈને હાથ જોડીને પરમેશ્વરનું સ્મરણ કરે અને તેનું નામ લે, તો એમાં શી હાની છે ?

ઉત્તર : પરમેશ્વર નીરાકાર અને સર્વવ્યાપક છે. આથી તેની મુર્તી જ બની શકતી નથી, અને જો મુર્તીના દર્શન માત્રથી જ પરમેશ્વરનું સ્મરણ થતું હોય તો પરમેશ્વરે રચેલા પૃથ્વી, જળ, અગ્ની, હવા અને વનસ્પતી વગેરે અનેક પદાર્થો કે જેમાં ઈશ્વરે અદ્‌ભુત રચના કરી છે, તેને જોઈને ઈશ્વરનું સ્મરણ થઈ શકતું નથી.

પ્રશ્ન : અમે પણ જાણીએ છીએ કે પરમેશ્વર નીરાકાર છે, પરંતુ તેણે શીવ, વીષ્ણુ, ગણેશ, સુર્ય અને દેવી વગેરેનાં શરીર ધારણ કર્યા, અને રામ–કૃષ્ણ વગેરે અવતારો લેીધા. આથી તેની મુર્તી બને છે. શું આ વાત પણ ખોટી છે?

ઉત્તર : હા, હા, એ વાત પણ ખોટી છે; કારણ કે વેદોમાં પરમેશ્વરને 'અજા જીકપાત'

(ઋગ્વેદ : ૭, ૩૫, ૧૩) અને 'અકાયમ્' (યજુર્વેદ : ૪૦,૮) વગેરે વીશેષણોથી જન્મ–મરણ અને શરીર–ધારણથી રહીત વર્ણવ્યો છે, અને યુકતીથી પણ સીદ્ધ થાય છે કે પરમેશ્વરનો અવતાર કયારેય થઈ શકતો નથી. કારણ કે જે પરમાત્મા આકાશવત્ તે એક નાના સરખાં વીર્ય, ગર્ભાશય અને શરીરમાં કેવી રીતે આવી શકે ? જે જેના વીના એક પરમાણુ પણ ખાલી નથી, એવા પરમાત્માનો અવતાર કહેવો એ વંધ્યાના પુત્રનો વીવાહ કરી તેના પૌત્રનું દર્શન કર્યાની વાત કહેવા બરાબર છે.

જ્યારે પરમેશ્વર સર્વત્ર વ્યાપક છે, તો પછી કોઈ એ વસ્તુમાં પરમેશ્વરની ભાવના કરવી અને અન્યત્ર ન કરવી, એ તો ચક્રવર્તી રાજાને તેના સમસ્ત રાજયની સત્તાથી છોડાવીને એક નાની સરખી ઝુંપડીનો સ્વામી માનવા જેવી વાત છે. માટે વીચાર તો કરો કે એ કેટલું મોટું અપમાન છે ! આમ તમે પરમેશ્વરનું અપમાન કરો છો.

* * *

તમે મંત્રના બળથી પરમેશ્વરને બોલાવો છો, તો પછી એ જ મંત્રોથી તમારા મૃત પુત્રના શરીરમાં તેના જીવને કેમ બોલાવી નથી લેતા ? અને શા માટે શત્રુના શરીરમાંથી જીવાત્માનું વીસર્જન કરીને તેને મારી નથી શકતા ? સાંભળો ભાઈઓ ! ભોળા લોકો ! એ પોપજી લોકો તમને ઠગીને પોતાનું પ્રયોજન સીદ્ધ કરે છે. વેદોમાં પથ્થર વગેરેની મુર્તીઓની પુજા અને પરમેશ્વરનાં આવાહન–વીસર્જન કરવા વીશેનો એક અક્ષર પણ નથી.

* * *

મુર્તીપુજાનો વેદોમાં નીષેધ કરવામાં આવ્યો છે. આથી પથ્થર વગેરેની મુર્તીઓની પુજા અત્યંત નીષીદ્ધ – મના કરાયેલ છે.

પ્રશ્ન : મુર્તીપુજામાં ભલે પુણ્ય ન હોય, પરંતુ એમા કશું પાપ પણ નથી.

ઉત્તર : કર્મ બે જ પ્રકારના હોય છે : (૧) વીહીત : જેનું વેદમાં કર્તવ્ય રુપે પ્રતીપાદન કરવામાં આવ્યું છે. જેમ કે, સત્ય–ભાષણ વગેરે. (૨) નીષીદ્ધ : જેનો વેદમાં અકર્તવ્યરુપે નીષેધ કરવામાં આવ્યો છે. જેમ કે, મીથ્યા–ભાષણ વગેરે. જેમ વીહીત કર્મોનું અનુષ્ઠાન કરવું એ ધર્મ છે અને તેનું અનુષ્ઠાન ન કરવું એ અધર્મ છે. વેદોમાં એવાં મુર્તીપુજા વગેરે કર્મો કરો છો, તો તમે પાપી કેમ નહીં ?

* * *

ઉત્તર : જયારે વેદવીહત આચરણ ધર્મ અને વેદવીરુદ્ધ આચરણ ધર્મ છે, તો પછીજે જે ગ્રંથો વેદથી વીરુદ્ધ છે, તેનું પ્રમાણ કરવું એ તો નાસ્તીક થવા જેવું છે.

મનુજી કહે છે – જે વેદોની નીંદા એટલે કે અપમાન, ત્યાગ અને વીરુદ્ધ આચરણ કરે છે, તે 'નાસ્તીક' કહેવાય છે.

જે ગ્રંથો વેદ–બાહ્ય, કુત્સીત–નીચ–અધમ મનુષ્યોના બનાવેલા, સંસારને દુઃખસાગરમાં ડુબાડનારા છે, તે સર્વ નીષ્ફળ, અસત્ય, અંધકારરુપ અને આલોક તથા પરલોકમાં દુઃખદાયક છે. જે વેદ વીરુદ્ધ ગ્રંથો ઉત્પન્ન થાય છે, તે આધુનીક હોવાથી જલદી નાશ પામે છે. એવા ગ્રંથોને માનવું નીષ્ફળ અને મીથ્યા છે.

મનુષ્યનું જ્ઞાન જડની પુજા કરવાથી વધી શકતું નથી, પરંતુ જે કંઈ જ્ઞાન હોય છે તે પણ નષ્ટ થઈ જાય છે.

પ્રશ્ન : મન સાકારમાં સ્થીર થાય છે અને નીરાકારમાં તેનું સ્થીર થવું કઠણ છે. એટલા માટે મુર્તીપુજા રહેવી જોઈએ.

ઉત્તર : (૧) મુર્તીપુજાને કારણે મંદીરો પાછળ કરોડો રુપીયાનો વ્યય કરવામાં આવે છે. આથી ગરીબાઈ અને પ્રમાદ ઉત્પન્ન થાય છે.

(૨) મંદીરોમાં સ્ત્રી–પુરુષોમાં મેળાવડા યોજાય છે.જેના કારણે વ્યભીચાર, લડાઈ–ઝઘડા અને રોગ વગેરે ઉત્પન્ન થાય છે.

(૩) મનુષ્ય મુર્તીપુજાને જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન માની લે છે અને તેથી તે પુરુષાર્થ–રહીત થઈને પોતાનો મનુષ્ય–જન્મ વ્યર્થ ગુમાવે છે.

(૪) વીવીધ અને પરસ્પર વીરુદ્ધ પ્રકારનાં સ્વરુપ, નામ તથા ચરીત્ર ધરાવતી મુર્તીઓના પુજારીઓમાં ઐકય મતનો નાશ થાય છે અને તેઓ પરસ્પર વીરુદ્ધ મતમાં ચાલીને, અંદરોઅંદર ફુટ વધારીને દેશનો નાશ કરે છે.

(૫) મુર્તી અને મુર્તીપુજાના ભરોસે એવું માનીને બેસી રહે છે કે શત્રુનો પરાજય અને પોતાનો વીજય થશે. પરંતુ સ્વયં પરાજીત થવાથી રાજય, સ્વાતંત્ર્ય અને ધન–સંપત્તીનું સુખ બધું જ તેમના શત્રુઓના અધીકારમાં ચાલ્યું જાય છે, અને પોતાને પરાધીન ભઠીયારાના ટટ્ટુ અને કુંભારના ગધેડાની જેમ શત્રુઓને વશ થઈને અનેક પ્રકારના દુઃખ ભોગવવાં પડે છે.

(૬) જયારે કોઈ મનુષ્ય બીજાને એમ કહે કે,, 'હું તારા બેસવાના આસન કે નામ પર પથ્થર મુકું છું. તો પેલો મનુષ્ય તેના પર ક્રોધીત થઈને તેને અપશબ્દ કહે છે અથવા મારે છે. આવી જ રીતે લોકો પરમેશ્વરની ઉપાસનાના સ્થાન હૃદય પર અને તેના નામ પર પથ્થર વગેરેની મુર્તીઓ ધરે છે, શું એ દુષ્ટ બુદ્ધીવાળાઓનું પરમેશ્વર સત્યાનાશ નહી કરે ?

(૭) મનુષ્યો ભ્રાંત થઈને એક મંદીરેથી બીજા મંદીરે અને દેશ–દેશાંતરમાં ભટકતા ફરે છે અને દુઃખો ઉઠાવે છે; ધર્મ, સંસાર અને પરમાર્થનાં કાર્યોને નષ્ટ કરે છે, ચોર વગેરેથી પીડાય છે અને ઠગ લોકોથી ઠગાય છે.

(૮) દુષ્ટ પુજારીઓને જે ધન આપવામાં આવે છે, તે ધનનો વ્યય એ લોકો વેશ્યા, પરસ્ત્રીગમન, મદ્ય–માંસાહાર અને લડાઈ–ઝઘડામાં કરે છે. આથી દાન આપનાર લોકોના સુખનું મુળ નાશ પામે છે અને તેમને દુઃખ થાય છે.

(૯) મુર્તીપુજક લોકો પોતાનાં માતા–પીતા વગેરે માનવીઓનું અપમાન અને પથ્થર વગેરેમાંથી બનાવેલી મુર્તીઓનું માન કરી કૃતઘ્ન થાય છે.

(૧૦) જયારે એ મુર્તીઓને કોઈ તોડી નાખે છે અથવા ચોરી જાય છે, ત્યારે મુર્તીપુજકો 'હાય–હાય' કરીને રડતો રહે છે.

(૧૧) પુજારીઓ પરસ્ત્રીઓના સંગથી અને પુજારણો પરપુરુષોના સંગથી પ્રાયઃ દુષીત થઈને સ્ત્રી–પુરુષોનાં ધર્મનું બરાબર પાલન ન કરતો હોવાથી પરસ્પર વીરુદ્ધ ભાવ પેદા થાય છે, જેને લીધે બંને નષ્ટ–ભ્રષ્ટ થઈ જાય છે.

(૧૨) મુર્તીપુજા સંબંધી બાબતોને કારણે સેવક (નોકર) સ્વામી (માલીક)ની આજ્ઞાઓનું બરાબર પાલન ન કરતો હોવાથી પરસ્પર વીરુદ્ધ ભાવ પેદા થાય છે. જેને લીધે બંને નષ્ટ–ભ્રષ્ટ થઈ જાય છે.

(૧૩) જે મનુષ્ય જડનું ધ્યાન કરે છે તેનો આત્મા પણ જડ–બુદ્ધી થઈ જાય છે, કેમ કે ધ્યેયનો જે જડત્વ ધર્મ છે તે અંતઃકરણ દ્વારા આત્મામાં અવશ્ય આવે છે.

(૧૪) પરમેશ્વરે સુગંધીદાર ફુલ વગેરે પદાર્થો હવા–પાણીની દુર્ગંધના નીવારણ માટે અને આરોગ્યતાની વૃદ્ધી માટે બનાવ્યા છે. આ ફુલોની સુગંધી ન જાણે કેટલાય દીવસ સુધી આકાશમાં પ્રસરીને હવા–પાણીની શુદ્ધી કરતી રહેત અને આ ફુલો પોતાના અંત સમય સુધી આ પ્રકારે સુગંધી ફેલાવતાં રહેત. પરંતુ પુજારી લોકો આ ફુલ વગેરે પદાર્થોને તોડી–તોડાવીને તેનો અધવચ્ચે જ નાશ કરી નાખે છે. પછી એ ફુલ લગેરે

પદાર્થો કાદવ સાથે મળીને સડે છે અને ઉલટાની દુર્ગંધ પેદા કરે છે. શું પરમાત્માએ આ ફૂલ વગેરે સુગંધી પદાર્થો પથ્થર પર ચડાવવા માટે બનાવ્યા છે ?

(૧૫) પથ્થર પર ચઢાવવામાં આવતાં ફુલ, ચંદન અને અક્ષત વગેરે બધું પાણી અને માટી સાથે મળીને મોરી કે કુંડમાં જઈને એકઠું થાય છે અને પછી ત્યાં સડે છે. વળી તેમાં હજારો જીવડાં પડે છે, જે તેમાં જ મરે છે અને સડે છે.

મુર્તીપુજા કરવાથી આવા આવા અનેક દોષો થાય છે. એટલા માટે સજ્જન લોકોએ પથ્થર વગેરેની મુર્તીઓની પુજાનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ. જે લોકોએ પથ્થર વગેરેની મુર્તીની પુજા કરી હતી. જેઓ કરી રહયા છે અને જેઓ ભવીષ્યમાં કરશે, તેઓ મુર્તીપુજાના ઉપર જણાવેલ દોષોથી બચ્યા નથી, બચતા નથી અને બચવાના પણ નથી.

* * *

માતા–પીતા વગેરેની સામે નૈવેદ્ય કે ભેટ–પુજા ધરીશું, તો તેઓ ખાઈ જશે અને ભેટ–પુજા પણ લઈ લેશે; પછી અમારા મુખમાં કે હાથમાં કશુંય નહી આવે. આથી પથ્થર વગેરેની મુર્તી બનાવી, તેની આગળ નૈવેદ્ય ધરી, ઘંટાનાદ અને ટંટં–પુંપું કરી, શંખ વગાડી, કોલાહલ કરી, અંગુઠો બતાવી એટલે કે 'स्वमङ्ष्टं गृहाण, भोजनं. पदार्थं वाऽहं ग्रहीष्यामी' – જેમ કોઈ બીજાને છેતરે કે અંગુઠો દેખાડીને ચીડવે કે 'તું લે આ' અને તેની આગળથી બધા પદાર્થો લઈ લે અને પોતે જ ચટ કરી જાય–આવી જ લીલા આ પુજારીઓની છે. 'પુજા' એટલે સત્કર્મ અને 'અરી' એટલે શત્રુ. માટે 'પુજારી'નો અર્થ થાય છે : સત્કર્મનો શત્રુ.

આવાં મુર્તીપુજા વગેરે બુરાં કારણોને લીધે જ આયાવર્તમાં કરોડો નકામા પુજારીઓ, ભીક્ષુકો, આળસુઓ અને પુરુષાર્થ–રહીત લોકો પેદા થયા છે. સ્વયં મુઢ હોવાથી એ લોકોએ જ સંસારમાં મુઢતા અને ભારે જુઠ–છલ ફેલાવી રાખ્યાં છે.

આ મુર્તીપુજા અઢી–ત્રણ હજાર વર્ષની અંદર વામમાર્ગીઓ અને જૈનો દ્વારા શરુ કરવામાં આવી છે. પહેલાં આર્યાવર્તમાં મુર્તીપુજા નહોતી, અને ન તો આ તીર્થો પણ હતાં. પરંતુ જયારે જૈનોએ ગીરનાર, પાલીતાણા (શત્રુંજય પહાડ), સમેત શીખર અને આબુ વગેરેમાં તીર્થો બનાવ્યાં, ત્યારે એ જોઈને તેમની જેમ આ (પૌરાણીક) લોકોએ પણ

પોતાનાં તીર્થો બનાવી લીધાં. જે કોઈએ આ તીર્થોના આરંભની પરીક્ષા કરવી હોય, તેમણે પંડાઓની જુનામાં જુની વહીઓ – વંશાવળીની ચોપડીઓ, તામ્રપત્રો અને લેખો વગેરે જોવાં. એ જોતાં નીશ્ચય થઈ જશે કે, આ બધા તીર્થો પાંચસો કે હજાર વર્ષની અંદર જ ઉભાં થયેલ છે. એક હજાર વર્ષ પહેલાંના લેખ કોઈની પાસેથી નીકળતા નથી.

પ્રશ્ન : મુર્તીપુજક સંપ્રદાયી લોકો પ્રશ્ન કરે છે કે, વેદ અનંત છે. ઋગ્વેદની ૨૧, યજુર્વેદની ૧૦૧, સમવેદની ૧૦૦૦ અને અથર્વવેદની ૯ શાખાઓ છે. આજકાલ એમાંની થોડીક જ શાખાઓ મળે છે અને બાકીની બધી શાખાઓ લુપ્ત થઈ ગઈ છે.

જુઓ ! મુર્તીપુજાથી શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, નારાયણ અને શીવ વગેરેની ખુબ જ નીંદા અને ઉપહાસ થાય છે. સૌ કોઈ જાણે છે કે તેઓ મોટાં મહારાજાધીરાજ હતા અને તેઓની, સીતા, રુકીમણી, લક્ષ્મી અને પાર્વતી વગેરે સ્ત્રીઓ મહારાણીઓ હતી, પરંતુ પુજારી લોકો તેઓની મુર્તીઓને મંદીર વગેરેમાં ગોઠવીને તેઓનાં નામે ભીખ માંગે છે એટલે કે તેઓને ભીખારી બનાવે છે અને કહે છે કે : 'આવો મહારાજ ! મહારાજાજી ! શેઠ–શાહુકારો ! આવો, દર્શન કરો, બેસો, ચરણામૃત લો અને કંઈક ભેટ ચઢાવો. મહારાજ ! ત્રણ દીવસથી સીતા–રામ , કૃષ્ણ–રુકીમણી કે રાધા–કૃષ્ણ, લક્ષ્મી–નારાયણ અને મહાદેવ–પાર્વતીજીને બાળભોગ કે રાજભોગ એટલે કે જળપાન કે ખાનપાન મળ્યાં નથી. આજે એમની પાસે કશું જ નથી. રાણીજી કે શેઠાણીજી ! આપ સીતા વગેરેને ભોગ ધરાવો. તેઓનાં બધાં વસ્ત્રો ફાટી ગયાં છે. મંદીરના બધા ખુણાઓ ખરી પડયા છે. ઉપરથી પાણી ગળે છે અને જે કંઈ હતું એ બધું દુષ્ટ ચોરો ઉઠાવી ગયા છે, કેટલુંક ઉંદરોએ પણ કરડી ખાધું છે. જુઓ ! એક દીવસ તો ઉંદરોએ એવો અનર્થ કર્યો કે એમની એક આંખ પણ કાઢીને નાસી ગયા. અને અમે હવે બીજી ચાંદીની આંખ બનાવી શકીએ તેમ નથી. એટલા માટે એક આંખ કોડીની લગાવી દીધી છે.'

રામલીલા અને રાસમંડળ પણ કરાવે છે. સીતા–રામ, રાધા–કૃષ્ણ નાચી રહ્યા છે, જયારે રાજા અને મહંત વગેરે તેમના સેવકો આનંદથી બેઠા છે. મંદીરમાં સીતા–રામ વગેરે ઉભા હોય છે, જયારે પુજારી કે મહંતજી આસન કે ગાદી પર તકીયા નાખીને બેઠા હોય છે. અત્યંત ગરમીમાં પણ સીતા–રામ વગેરેને અંદરથી તાળુ લગાવીને અંદર બંધ


કરી દે છે. જયારે પોતે સુંદર હવામાં પલંગ પાથરીને સુવે છે. ઘણા ખરા પુજારીઓ પોતાના નારાયણને દાબડીમાં બંધ કરી ઉપરથી કપડું વગેરે બાંધી તેને જેમ વાંદરી પોતાના બચ્ચાને ગળામાં લટકાવી રાખે છે તેમ પોતાના ગળામાં લટકાવી રાખે છે. જયારે કોઈ મુર્તીને તોડી નાખે છે, ત્યારે આ લોકો 'હાય–હાય' કરીને છાતી પીટે છે અને બકે છે કે : 'દુષ્ટ લોકોએ સીતા–રામજી, રાધા–કૃષ્ણજી અને શિવ–પાર્વતીને ભાંગી નાંખ્યા ! હવે તો કોઈ સારા શીલ્પીએ સંગેમરમરની બનાવી હોય તેવી બીજી મુર્તી મંગાવીને તેનું સ્થાપન કરીને પુજવી જોઈએ. નારાયણને ઘી વીના ભોગ ધરાવાતો નથી. ઘણું નહી તો થોડું જરુર મોકલી આપજો.' આવી આવી વાતો સીતા, શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણ વગેરેના નામે બનાવે છે. વળી રાસમંડળ કે રામલીલાના અંતમાં રાધા–કૃષ્ણ કે સીતા–રામની પાસે ભીખ મંગાવે છે. જયાં મેળો હોય છે ત્યાં છોકરાના માથે મુકુટ ધરી તેને કનૈયો બનાવી માર્ગમાં બેસાડીને તેની પાસે ભીખ મંગાવે છે. આપ લોકો વીચાર કરો કે આવી આવી વાતો કેટલા મોટા શોકની વાતો છે ! ભલા, કહો તો ખરા કે શું સીતા, રામ વગેરે એવાં દરીદ્ર અને ભીક્ષુક હતાં ? આ તેઓનો ઉપહાસ અને નીંદા નહી તો બીજું શું છે ? આથી તો આપણા મોટા માનનીય પુરુષોની ખુબ જ નીંદા નહી તો બીજું શું છે ? ભલા, જે સમયે તેઓ જીવીત હતાં, તે સમયે જો સીતા, રુકમણી, લક્ષ્મી અને પાર્વતીને સડક ઉપર કે કોઈ ભવનમાં ઉભાં કરી પુજારી કહેત કે – આવો, એમના દર્શન કરો અને કંઈક ભેટ–પુજા ધરો, તો સીતા–રામ વગેરે એ મુર્ખોના કહેવાથી એવાં કામ કદી પણ ન કરત અને ન તો કરવાં પણ દેત. અને જો કોઈ તેઓનો એવો ઉપહાસ કરત, તો તેઓ તેમને દંડ આપ્યા વીના કદી ન છોડત. હા, જયારે તેઓના તરફથી દંડ ન મળ્યો, એટલે તો તેમનાં કર્મોએ પુજારીઓને મુર્તી–વીરોધીઓ તરફથી ઘણી પ્રસાદી અપાવી દીધી અને આજે પણ મળતી રહે છે. અને જયાં સુધી તેઓ આ કર્મને નહી છોડે ત્યાં સુધી મળતી રહેશે.

એ વાતમાં કોઈ જ સંદેહ નથી કે આવા જ કર્મોથી આર્યાવર્તની પ્રતીદીન મહા હાની પથ્થર વગેરેની મુર્તીઓને પુજનારાઓનો પરાજય થાય છે; કારણ કે પાપનું ફળ દુઃખ છે. આ જ પથ્થર વગેરેની મુર્તીઓના વીશ્વાસથી ઘણી જ હાની થઈ છે અને જો તેને હજુ પણ નહી છોડીએ તો પ્રતીદીન વધારે ને વધારે હાની ઉઠાવવી પડશે.'

# સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના આંતરસંબંધો–૨

**–સુર્યકાન્ત શાહ**

તા. ૯–૪–૨૦૨૩ ના રોજ કીમ એજ્યુકેશન સોસાયટીના પરીસરમાં સત્યશોધક સભા અને કીમ એજયુકેશન સોસાયટીના ઉપક્રમે એક નવતર શીબીર યોજાઈ ગઈ. 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભુષીત **ઉત્તમ પરમાર**ની આગેવાની હેઠળ યોજાયેલ આ શીબીરે, પધારેલા ડેલીગેટોને જ્ઞાનસમૃદ્ધ કર્યા. એમ.એસ.યુનીવર્સીટીના ડૉ. ભરત મહેતાની કાર્યકુશળતાને પરીણામે આ શીબીરમાં ગુજરાતભરના નામાંકીત સાહીત્યકારો અને ચીંતકો ભેગા થયા. એમણે એમના વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરીમાં ભાગીદાર બનીને શ્રોતાઓને સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના આંતરસંબંધો દર્શાવ્યા.




આ શીબીરની બીજી બેઠક **સુર્યકાન્ત શાહ**ના પ્રમુખપદે યોજાઈ. એમાં મખ્ય વકતા ભાવનગર યુનીવર્સીટીના **ડો. દીલીપ બારડ** હતા. એમનો **ડો. ભરત મહેતા**એ પરીચય આપ્યો. 'સાહીત્યમાં વીજ્ઞાન પરીકથાઓ' પર બોલતા બારડે જણાવ્યું કે યુરોપમાં નવજાગૃતીકાળ (રેનેસાં)ના ઉદયથી સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમના તત્ત્વનો પ્રવેશ થયો. રેનેસાંને કારણે પહેલા એવા સાહીત્યકાર હતા કે જેમણે પોતાનાં સર્જનમાં વૈજ્ઞાનીક અભીગમને સ્થાન આપ્યું. એમણે નાટક દ્વારા પ્રેક્ષકોનું મનોરંજન કરવા ઉપરાંત વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની ભુખ પણ ઉઘાડી આપી.

રેનેસાં પહેલાનો સમય 'અંધકાર યુગ'થી ઓળખાય છે. એ સમય દરમીયાન સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમ'નું સ્થાન જ નહોતું. જે યુગમાં ભુખને જ જો 'પાપ' ગણવામાં આવ્યું હોય તો તે યુગમાં વૈજ્ઞાનીક અભીગમની અપેક્ષા જ રાખી શકાય નહીં. જે યુગમાં એવું મનાતું હોય કે બળાત્કાર થાય તો થવા દેવાનો. એમાં બળાત્કારીનો કોઈ વાંક હોતો નથી. આવા યુગમાં ઘટનાને વૈજ્ઞાનીક અભીગમથી તપાસવામાં નહીં આવે એ સાહજીક છે. આથી જ રેનેસાં પછીના નાટકોમાં 'પાપ'ની જ ઉજવણી કરવામાં આવી !

સાંપ્રત માન્યતાઓ કેટલી અવૈજ્ઞાનીક છે તે સમજવામાં આવ્યું. ત્યારબાદ હાર્ડીની નવલકથા લોકો સમક્ષ આવી. આ નવલકથામાં વૈજ્ઞાનીક પરીકથાને પ્રાધાન્ય આપવામાં આવ્યું. નવલકથા બાદ વખતોવખત સાહીત્યમાં વીજ્ઞાન આધારીત અનેક પરીકથાઓ આવી. આ પરીકથાઓ ગપ્પાં નહોતી. વૈજ્ઞાનીક અભીગમ અને સંશોધકોને બરાબર સમજી ભવીષ્યમાં કયા કયા ફેરફારો આવશે એની જાણે એમાં આગાહી થતી ! ફંગ્મેન, એચ. જી. વેલ્સ, લીન, વેરન, જેવા અનેક સાહીત્યકારો અને વીવેચકોએ વૈજ્ઞાનીક અભીગમપ્રચુર સાહીત્યીક રચના કરી. પોતાને શ્રેષ્ઠ માનનારા જે ભુલ કરે તેનું પુનરાવર્તન નહીં કરવાનો અભીગમ પણ વૈજ્ઞાનીક અભીગમ જ છે. શેલીના સર્જનને કારણે વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની ભુખ પણ ઉઘાડી આપી.

શેલીના સર્જનને કારણે વીજ્ઞાનને મોન્સર માનવાનું શરુ થયું. માનવ સંવેદના જયારે જયારે યંત્રોની જડતામાં દાખલ થાય ત્યારે મંત્ર–રાક્ષસ (monsan) પેદા થાય તેવી શેલીની એ પરીકથામાં કલ્પના હતી. આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના પગરવ સંભળાય છે ત્યારે જાણે આ આગાહી સાચી પડે છે ! લાગણીઓ અને ઉન્માદથી દોરાતો સમાજ આખરે આનંદનો ભાગાકાર કરે છે, અને વીવેકબુદ્ધી (Rationalism) થી દોરાતો સમાજ આનંદનો ગુણાકાર કરે છે. ભગવાન–ગોડથી દોરવાઈ જવાથી ઉન્માદ વધારે પ્રગટે છે. આથી પોર્ટર જેવા નવલકથાકારો એમના સર્જનમાં એ અપાર્થીવ તત્ત્વને વચ્ચે લાવતા જ નથી. આપણે ત્યાં ધ્રુવ ભટ્ટનું સર્જન 'યુનીવર્સ ઈઝ ઈન્ડીફરન્ટ' એનો એક નમુનો છે. પ્રવર્તમાન મોટા ભાગની સાહીત્યીક રચનાઓ 'અંધશ્રદ્ધા'ને વધારતી દેખાય છે. આ આપણા સમાજ માટે દુઃખદ છે. મોટા ભાગની સરકારો નફરતના પાયા પર જ ચાલતી હોય છે એ સર્જકોએ ધ્યાનમાં રાખવું જોઈએ. પ્રશ્નોત્તરીમાં આ ઉપરાંત જાણવા અને યાદ રાખવાના ભેદને સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. વીજ્ઞાનને બદલે હમણાં ચાલી રહેલા જાદુવાદની સમજ સ્પષ્ટ થઈ હતી.

બારડના વીદ્વતાપુર્ણ વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરીની દીલી પ્રશંસા કરીને **સુગીત પાઠકજી**એ સૌનો આભાર માન્યો હતો.

---

**સત્યશોધક સભાને દાન**

સત્યશોધક સભાને પ્રવીણ ગઢવી તરફથી રૂ. ૧,૦૦૦/–નું દાન આપવામાં આવ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**તા. ૧૯–૦૭–૨૦૨૩** **સુર્યકાન્ત શાહ**

## પ્રકાશ શું બંધન ?

સમગ્ર સચરાચરમાં સૌથી વધુ ગતીવાળુ જો કોઈ હોય તો તે પ્રકાશનું કીરણ છે. એની ગતીની પણ મર્યાદા છે. પ્રકાશ વીના તો આપણે કશું જોઈ શકતા નથી. આથી બને છે એવું કે જયાં પ્રકાશ પહોંચ્યો નથી અને પહોંચતો નથી ત્યાં જે કંઈ હોય તે આપણે જોઈ શકતા નથી. ખગોળશાસ્ત્રીઓ જયારે ઉંડા અવકાશમાં જુએ છે ત્યારે કોઈ અવકાશી પદાર્થમાંથી કાંઈક આવતું કીરણ એમને દેખાય તો કહી શકે કે પ્રકાશના આવવાની દીશામાં કોઈક અવકાશી પદાર્થ છે. બીજી બાજુ એવાં કીરણો જો આવે જ નહીં તો ખગોળશાસ્ત્રી એવું કહી શકે કે એવા સમગ્ર અંધારામાં કોઈક અવકાશી પદાર્થ હોય પણ ખરો, ન પણ હોય ! આમ, અવકાશમાં જે કોઈ પણ અવકાશી પદાર્થો છે તે બધાં જ જોવાનો દાવો કરી શકાતો નથી. પ્રકાશન ગતીની મર્યાદા આપણું બંધન બની જાય છે. ઉપરાંત, પ્રકાશની ગતીથી વધારે ગતીવાળું કે અનંત ગતીવાળું તત્ત્વ હોય તો તે આપણે જાણી શકયા નથી. ઓહ ! વીજ્ઞાન એક બાજુ જ્ઞાનને વીસ્તારે છે, તો બીજી બાજુ એ જ જ્ઞાન અધુરું છે એવો અહેસાસ પણ કરાવે છે ! રેશનાલીસ્ટો વીજ્ઞાનની આ લાક્ષણીકતા બરાબર સમજશે તો જ બંધીયાર બની ગયેલ ધર્મોના ઠેકેદારોને સ્પષ્ટ સમજાવી શકશે.

**નોંધ :** પ્રકાશનું કીરણ અવરોધ વીનાના અવકાશમાં એક સેકન્ડમાં ૩,૦૦,૦૦૦ કી.મી. થી વધારે ગતી કરી શકતું નથી. એની આ મર્યાદા આપણા વીજ્ઞાનનું બંધન બની જાય છે.


**'સત્યાન્વેષણ' માસીક**

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ રુલ્સ, ૧૯૯૬ અન્વયે**

**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**

**ફોર્મ નં. : ૪ (નીયમ નં. ૮ મુજબ)**

સમાચારપત્રનું નામ : 'સત્યાન્વેષણ' પ્રકાશનની સામયીકતા : માસીક, સમાચાર પત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત, શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત રાષ્ટ્રીયતા : ભારતીય, માલીક : સત્યશોધક સભા, સરનામુ : C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. અવધી : માસીક–કીંમત : વાર્ષીક લવાજમ રૂા/. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/. હું સુર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વીગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫–૩–૨૦૨૩** **સુર્યકાન્ત શાહ**

# મનુસ્મૃતીમાં નાસ્તીક નીંદા

**–પ્રવીણ ગઢવી**

આમ તો વેદો, પુરાણો, મહાકાવ્યો, ગીતા આદી નાસ્તીકનીંદાથી ભરપુર છે. અલબત્ત કયારેક નીરીશ્વરવાદને સમર્થન પણ મળે છે. તો કયારેક એની ટીકા રુપે ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ કેટલાક ઋષીઓએ એના પર શંકા પણ વ્યકત કરી છે.

મનુસ્મૃતીમાં પણ નાસ્તીકનીંદા જોવા મળે છે. પૌરાણીક માન્યતા અનુસાર નાસ્તીકની બે અર્થછાયાઓ છે : એક તો ઈશ્વરમાં ન માને તે નાસ્તીક, અને બીજુ વેદમાં ન માને તે. નાસ્તીક અક્રતુ. પહેલી વ્યાખ્યા અનુસાર ચાર્વાકવાદીઓ નાસ્તીક ગણાય. બીજી વ્યાખ્યા અનુસાર સાંખ્યદાર્શનીક કપીલ, બુદ્ધ અને મહાવીર ઉપરાંત પણીઓ, અસુરો, દૈત્યો, દાનવો, રાક્ષસો, યક્ષો, ગંધર્વો ઈત્યાદી પણ નાસ્તીક ગણાય.

મનસ્મૃતીના અધ્યાય–૨ના શ્લોક ૧૧ અનુસાર જે દ્વીજ (ઉપવીતધારણ કરનાર ત્રણ વર્ણ–શુદ્ર સીવાય) વેદ–શ્રુતી અને સ્મૃતી–ધર્મશાસ્ત્રમાં ન માને તે નાસ્તીક અને વેદનીંદક ગણાય. સાધુ–સજ્જનોએ એને સમાજમાંથી બહીષ્કૃત કરવો જોઈએ.

અધ્યાય–૪ના શ્લોક મુજબ નાસ્તીકતા, વેદનીંદા, દેવનીંદા, દ્વેષ, પાખંડ, ઘમંડ, ક્રોધ અને ક્રુરતાનો ત્યાગ કરવો. બીજું બધું તો ઠીક છે, પરંતુ નાસ્તીકતા, વેદ–દેવનીંદાનો ત્યાગ શા માટે ?

અધ્યાય–૧૧, શ્લોક ૧૯૨ મુજબ નીષીદ્ધ કર્મ કરવાવાળા વેદહીન દ્વીજ જો પ્રાયશ્ચીત કરવા માંગતા હોય તો તેમને વીધીપુર્વક ગાયત્રી ઉપદેશ આપી યજ્ઞોપવીત કરાવવું.

અધ્યાય–૧૨, શ્લોક ૯૩, ૯૪, ૯૫ મુજબ વેદ પીતરો, દેવતા અને મનુષ્યનાં સનાતન નેત્ર છે. તે અપૌરુષેય અને અપ્રમેય છે. તેથી કોઈ તેને બનાવી ન શકે કે પરીમાણ કરી શકે, જે સ્મૃતીઓ વેદની બહાર છે. અર્થાત્ અસંમત છે તે સઘળા શસ્ત્ર (એટલે કે ચાર્વાક, જૈન, બૌદ્ધ) વેદ વીરુદ્ધ કૃતર્ક છે. તે સઘળાં પરલોકમાં નીષ્ફળ છે, અને નરકમાં પધરાવવા યોગ્ય છે !

અધ્યાય–૧૨, શ્લોક ૧૧૪ મુજબ વ્રતરહીત, અવેદપાઠી, કેવળ જન્મ કે જાતીથી હોય તેવા બ્રાહ્મણો હજ્જારો એકઠા થાય તેને બ્રહ્મસભા ન કહેવાય !

અર્થાત્ વેદવીરોધી બ્રાહ્મણ ન કહેવાય. એનો અર્થ એ કરી શકાય કે આર્યસમાજી બ્રાહ્મણો સીવાયના બ્રાહ્મણો, બ્રાહ્મણ નથી કેમ કે તેઓ વૈદીક દેવતા, ધર્મમાં માનતા નથી. પરંતુ બહ્મા, વીષ્ણુ, શીવ જેવા પૌરાણીક દેવતાઓની પુજા કરે છે.

તો આ છે મનસ્મૃતીનો નાસ્તીકતા પ્રત્યેનો અભીગમ.

સંદર્ભ : મનુસ્મૃતી, પંડીત રામેશ્વર ભટ્ટ, કૃતટીકાકૃતટીકા, ચૌખમ્બા સંસ્કૃત પ્રતીષ્ઠાન દીલ્ટી.

## ઉત્ક્રાંતી સીધી–સરળ રીતે નથી થઈ

હોકીંગ કહે છે કે ડાર્વીન પ્રબોધીત ઉત્ક્રાંતી કંઈ સીધી–સાદી–સરળ રીતે નથી થઈ. એ વાંકીચૂંકી અને ઉતાર–ચઢાવ સાથે થઈ છે. ઉત્ક્રાંતીનો દરેક તબકકો જાણે સ્વતંત્ર રીતે સર્જાયો હતો. આવી આડીઅવળી ઉત્ક્રાંતી દરમીયાન જે ઘણાં બધાં પરીમાણો પેદા થયાં તેમાં આકસ્મીક રીતે જ બુદ્ધી પેદા થઈ ગઈ. આ બધાંનાં કારણો શોધી શકાય એનો અભ્યાસ કરી શકાય. જયાં સુધી વીશ્વાસપાત્ર અભ્યાસો નહીં થાય ત્યાં સુધી તો ઉત્ક્રાંતીને વાંકી–ચૂંકી હોવાનું અને બુદ્ધીનું આકસ્મીક રીતે પેદા થવાનું જ સ્વીકારવું પડે.

ડીનોસોરની નાબુદી અને તેનો અભ્યાસ સુચવે છે કે પૃથ્વી પર દર બે કરોડ વર્ષે સર્વનાશ કરતો પ્રલય આવે છે. આ પ્રલયની વચ્ચે મુઠ્ઠીભર સસ્તનીય નૃવંશ બચી ગયા. એમાં વળી માણસ બચી ગયો ! એ કેમ બચી ગયો એનાં કારણ જાણી શકાયાં નથી. હમણાં એવું જ સ્વીકારવું પડે કે, 'બચી ગયો....એટલે બચી ગયો !'

છેલ્લા છ કરોડથી પણ વધારે વર્ષોમાં ત્રણ પ્રલય આવી ગયા તે પુરવાર થયું છે. ત્રણ–ત્રણ સર્વનાશ પ્રલયમાં કેટલાક સસ્તનીય નૃવંશ અને તેમાંયે સા'વ તકલાદી શરીર ધરાવતો આપણો પુર્વજ ગેરીલો અને પ્રાથમીક દશા ધરાવતો માણસ 'બચી' ગયા એ તો અત્યારે વીશ્વસનીય પુરાવાના અભાવે એક અકસ્માત હતો એવું જ સ્વીકારવું પડે એવું હોકીંગ જણાવે છે.

* * *

### નીયમીતતા વીજ્ઞાનને જન્મ આપે છે

હોકીંગ કહે છે કે કુદરતના કેટલાંક પરીબળોની નીયમીત ચાલ વીજ્ઞાનને અને એ વીજ્ઞાનના આધારે એ પરીબળોની ભાવી ચાલનો અંદાજ મુકી શકાય છે. માણસે

આવી નીયમીતતા પહેલીવાર આકાશી પદાર્થોના હલનચલનમાં જોઈ. આથી એ કયો આકાશી પદાર્થ કયારે કયું હલનચલન કરશે તેનો અંદાજ બાંધવા માંડયો. પરીણામે ખગોળશાસ્ત્ર સૌથી પહેલું વીજ્ઞાન બન્યું. આ સંદર્ભે એ જયોતીષ અંગે માર્મીક ટકોર કરે છે કે જો કોઈ ગેબી તત્ત્વના નકકી કરવાથી આકાશી પદાર્થોના હલનચલન કે એવું કશું પણ વર્તન કરવું હોય તો તે અંગેનો કોઈ પણ નીયમ સીદ્ધાંત વૈજ્ઞાનીક નીયમ કે સીદ્ધાંત નથી. બધાં જ વૈજ્ઞાનીક સીદ્ધાંતો કોઈ પણ ગેબી તત્ત્વથી તૈયાર થતા જ નથી એવું હોકીંગે જણાવ્યું છે.

## માણસની આસ્થાને તોડવાની આવશ્યકતા છે

–એન. વી. ચાવડા

એ બાબત એકદમ સ્પષ્ટ છે કે આસ્થા એ સત્ય નથી. એ સંજોગોમાં બે પ્રશ્ન ઉપસ્થીત થાય છે. એક એ કે આસ્થા અને સત્ય એ બેમાં વધારે કીંમતી કોણ છે ? આસ્થા કે સત્ય ? બીજો પ્રશ્ન એ છે કે માણસ માટે આસ્થા કલ્યાણકારી હોઈ શકે કે સત્ય ?

આપણે ઈચ્છીએ છીએ કે આપણને કોઈના દ્વારા અન્યાય થવો જોઈએ નહીં. એ સંજોગોમાં આપણે પણ કોઈને અન્યાય કરી શકીએ નહીં. અર્થાત્ આપણે ન્યાય ઈચ્છીએ છીએ. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે આપણે ન્યાય શેને આધારે કરીએ છીએ ? આસ્થાને આધારે કે સત્યને આધારે ? અલબત્ત ન્યાયનું મુળ અથવા ન્યાયનો આધાર સત્ય છે. જયાં સત્ય નથી ત્યાં ન્યાય નથી. અર્થાત્ આસ્થાને આધારે જો કયાંય ન્યાય આપવામાં આવે તો એ ન્યાય, ન્યાય નથી હોતો પરંતુ તેમાં અન્યાય હોય છે. અર્થાત્ આસ્થા અન્યાયનું મુળ છે, યા આસ્થા અન્યાયનો આધાર છે.

વાસ્તવીકતા એ છે કે આસ્થામાં સત્ય નથી હોતું. તેથી આસ્થા એ અંધશ્રદ્ધા યા અજ્ઞાન છે, આપણે જો ન્યાય ચાહતા હોઈએ તો આપણે કોઈને અન્યાય ન કરી શકીએ અને આપણે જો કોઈને અન્યાય ન કરવો હોય તો સત્યને અનુસરવું જોઈએ. આસ્થાને અનુસરીને આપણે કોઈને અન્યાય કરી શકીએ નહીં. ન્યાય વીના આપણે કદી સાચી અને કાયમી શાંતી, નીર્ભયતા અને સલામતી પ્રાપ્ત કરી શકતા નથી કારણ કે જેને આપણે અન્યાય કર્યો હોય તેના તરફથી ન્યાય પ્રાપ્ત કરવાના ઈરાદાથી થનાર હુમલાની આપણા ઉપર કાયમ શકયતા રહે છે. તેથી જયાં અન્યાય હોય છે ત્યાં કદી સુશાસન સ્થાપી શકાતું નથી કારણ કે અન્યાયગ્રસ્તો, વંચીતો, અભાવગ્રસ્તોનો કાયમી ઉપદ્રવ ચાલતો રહે છે. જેમાં નીર્દોષોનો કાયમ ભોગ લેવાતો રહે છે. તેથી દેશમાં સુશાસન માટે સમાજની આસ્થા તોડવાની આવશ્યકતા છે.

## વાચકનો મીતભાષી અભીપ્રાય

**અશ્વીન કારીઆ, પાલનપુર :** અંક તા. ૧૫–૭ નો અંક સમગ્ર વાંચી ગયો, અંક સરસ હોવાથી વાંચવાની મજા આવી. આવો સુંદર અંક બનાવવા બદલ અભીનંદન ! આ અંકમાં આપના શરુઆતના લેખમાં રહેલી કેટલીક ભુલો તરફ આપનું ધ્યાન દોરવાની રજા લઉ છું.

પ્રથમ તો સંહીતા (Code) અને ધારા (Act) વચ્ચેનો તફાવત આપે દર્શાવ્યા મુજબનો નથી. આપણા દેશમાં Indian Penal Code, Code of civil procedure, Code of Criminal Procedure હાલ અમલમાં છે. થોડા સમય અગાઉ સરકારે Labour Code ઘડેલ છે, પરંતુ કેટલાક રાજયોના વીરોધના કારણે તેનો અમલ થયો નથી.

સંસદ (કે ધારાસભા) સંહીતા પસાર કરે એટલે તે કાયદો–ધારો (Act) તો બને છે જ, પણ બંને વચ્ચેનો તફાવત એ છે કે સંહિતા સંસદે પસાર થતા અગાઉ પ્રવર્તતા જુદા જુદા કાયદાઓ (જેમ કે હીંદુ, મુસ્લીમ, પારસી અને ખ્રીસ્તી કાયદાઓમાંથી કેટલીક બાબતો એકત્ર કરી, એટલે કે બાકીની બાબતો રદ કરી) નવો ધારો બનાવવામાં આવે તેને સંહીતા કહેવાય. આ રીતે ઘડાયેલ ધારાને સંહીતા કહેવાય. સંહીતાને ધારા જેટલું જ કોર્ટનું પીઠબળ મળે છે.

બીજું કે છુટાછેડાની બાબતમાં હીંદુ–મુસ્લીમ વચ્ચે હજુ સમાનતા સ્થાપીત થયેલ નથી. મુસ્લીમ કાયદામાં માત્ર ત્રીપલ તલાક ગેરકાનુની છે. બાકીની અન્ય રીતો મુસ્લીમ કાયદામાં અસ્તીત્વમાં છે, જે રીતો હીંદુ કાયદામાં નથી.

વારસાની બાબતમાં ૨૦૦૫માં હીંદુ વારસા કાયદામાં થયેલ સુધારાનાં કારણે સ્ત્રીઓને સમાન હક અપાયો છે.

ચોથી બાબત એ કે દેશમાં આદીવાસીઓની નહીં મુસ્લીમોની વીસ ટકા વસ્તી છે. આદીવાસીઓની વસ્તી ૮ ટકા છે. આ ભલુ સુધારણા વાચકોના ધ્યાન પર લાવવા વીનંતી, આભાર...

## રત્નકણીકા

**–મોહન પટેલ**

* વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા પં. જવાહરલાલ નેહરુ પ્રથમ વડાપ્રધાનના ક્રાંતીકારી વીચારોને જયારે તક મળે ત્યારે સમજવાનું રાખીએ.

* 'તું વધુ સુખી અને સંસ્કૃત થવાને શકતીમાન છે. તું સાચો માણસ બનવાને સમર્થ છે. તું જ તારા ભાવી અને તારા અસ્તીત્વનો સ્વામી છે. ધર્મની મારે કોઈ જરુર નથી. એને બદલે હું માનવ હીતાર્થે ધર્મગુરુઓને શ્રમ કરવા ફરમાવીશ, દેવાલયોને વીદ્યાલયોમાં ફેરવી નાંખીશ.'

  (સૌજન્ય : 'રેશનાલીઝમ મારી દષ્ટીએ' બુક–૨૦૦૮, લેખક–જમનાદાસ કોટેચા)

* આપણા બંધારણની કલમ ભાગ–૪ (એ)–અનુચ્છેદ ૫૧–A - (H) દર્શાવે છે કે 'વૈજ્ઞાનીક અભીગમ કેળવવો, માનવતાનો વીકાસ કરવો તથા સુધારણા અને જીજ્ઞાસાનો ભાવ વીકસાવવો એ પ્રત્યેક નાગરીકની ફરજ રહેશે.'

* આપણી કમનસીબી એ છે કે આપણે સત્તા અને મહાનતા વચ્ચેનો ભેદ ભુલી ગયા છીએ. –સ્ટુઅર્ટ ઉડાલ

* એન્ડયુ કારનેગીની કબર પર એક જ પંકતી લખાઈ છે :

  ''અહીં એક એવો માણસ સુતો છે કે જે  
  પોતાના કરતાં વધુ કુશળ માણસોની સેવા  
  લેવામાં પારંગત હતો.''

* યાદ રાખો : અંધશ્રદ્ધા અને ધાર્મીક ઘેલછાને દુર કરી વીવેકબુદ્ધીથી વૈજ્ઞાનીક અભીગમ–માનવતા કેળવો–તો પ્રગતી સાચી દીશામાં થશે. **–મોહન પટેલ**

* ભયથી જે ભગવાનને ભજશે તે શેતાન આવે તેને પણ ભજશે. **–ટોમસ ફુલર**

* સુરત સત્યશોધક સભાથી પ્રકાશીત સત્યાન્વેષણ–સરતના માસીક–જુલાઈ–૨૦૧૮ ના અંક પાના નં.–૯ ઉપર લખ્યું છે કે,

  ''માનવ ઈતીહાસના બીજા આઈન્સ્ટાઈન ગણાતા મહાન વૈજ્ઞાનીક સ્ટીફન હોકીંગ્સે કહયું હતું કે, 'જો કોઈ ઈશ્વર છે – એવું સાબીત કરી આપે તો હું તેને મારી તમામ સંપતી આપી દેવા માટે તૈયાર છું. '' **–એન. વી. ચાવડા.**

## અશ્વીન કારીઆની ‘તમને અવકાશી ગ્રહો નહીં, પુર્વગ્રહો નડે છે.’ પુસ્તીકામાંથી સાભાર

પ્રજાની વીચારશકતી બચી હોય તો વર્તન અને આદર્શો વચ્ચેના અંતર અંગે વીચારવું જોઈએ, પણ જો આપણે વીવેકબુદ્ધીને જ કાંડી ચાંપીને બેઠા હોઈશું તો ન તો આપણને ગ્રહોની વીંટીઓ કે દોરાધાગા બચાવી શકશે, કે ન તો પુજાપાઠ અને ધાર્મીક કર્મકાંડ... જનસમુહમાં વ્યાપક અંધશ્રદ્ધા અને મનુષ્યત્વને હાની પહોંચાડતાં લક્ષણો સતત વૃદ્ધી પામતાં અનુભવાય ત્યાં પ્રસ્તુત પુસ્તીકાના અંશોનું પઠન થાય. એ અંગે ચર્ચા થાય, અભણ કે ભણેલા દ્વીધાગ્રસ્ત એવા તર્કગમ્ય અભીગમ કેળવવાનું શીખે તે આ પુસ્તીકાનો મોટામાં મોટો લાભ ગણાશે. વીચારવીહીન દશામાં ઘસડાતા માનવ પ્રવાહ યથાશકતી હસ્તક્ષેપ કરીને અટકાવવો અને ઉચીત દીશાનું સુચન કરવું એ પણ દેશપ્રીતી અને સમાજપ્રીતીનું મોટું ઉદાહરણ બની શકે.

આ રીતે પ્રસ્તુત પુસ્તીકા સમાજ પરીવર્તનની દીશામાં આવકારદાયક અંગુલી–નીર્દેશ છે. દુઃખી રહેવાની હઠ પકડીને બેઠેલા સમાજને કલ્યાણ માર્ગનો મર્મ સમજાવવાનું બહુ સરળ તો નથી જ, પોતાની વર્તમાન સ્થીતી માટે સતત ગ્રહોનો જ દોષ દેખાતો હોય એવી પ્રજા સત્કર્મો માટે પ્રેરવાની હોય ત્યારે વારંવાર ધર્મને આશ્રયે જ જવું પડે છે. શુદ્ધ માનવીય મુલ્યો માટે મથામણ કરવાની જયારે માનવ સમાજની તૈયારી હશે ત્યારે જ મનુષ્ય ધર્મની સ્થાપના થઈ શકશે. જયાં સુધી આવી મનોદશા નહીં કેળવાય ત્યાં સુધી પ્રયાસ કરવા રહ્યા. (હીમાંશી શેલત : એક પ્રતીભાવમાંથી)

* * *

પશ્ચીમના ભૌતીકવાદને ગાળો દઈને આપણી આધ્યાત્મીકતાને દુહાઈ દેતા રહેવાથી આપણું કાંઈ ભલું થતું નથી. તેના બદલે પશ્ચીમની પ્રજાના શીસ્તપાલન, સમયપાલન, ચોખ્ખાઈ, નીષ્ઠા, ચોકકસતા અને આયોજનના ગુણો આપણે અપનાવ્યા હોત તો વીકાસની સવળી ગતી આપણા હાથમાં રહી હોત. આપણાં તમામ અનીષ્ટોનું મુળ ધાર્મીકક્ષેત્રે પ્રવર્તમાન રુઢીઓ, કુરુઢીઓ, મીથ્યા કર્મકાંડો અને અધ્યાત્મના નામે ચાલતી મહાભ્રાંતીઓ જ છે. આ મીથ્યા કર્મકાંડો કુરુઢીઓ તથા મહાભ્રાંતીઓને ધર્માભાસ તરીકે ઓળખાવી શકાય.

સચ્ચીદાનંદ જણાવે છે કે કોઈ વીધર્મી આપણો શત્રુ નથી. વીધર્મીઓને સતત ગાળો દેવાથી તો આપણે આપણા મુળ રોગને જ ઢાંકવાનો પ્રયત્ન કરીએ છીએ.

* * *

પોતાના અનીશ્ચીત ભાવીના ભયના ઓથાર હેઠળ જીવતી આપણા દેશની ગરીબ અને રાંક પ્રજાને ધર્માભાસ તરફ સહેતુક વાળવામાં આવે છે, કારણ કે તેનાથી પૈસો અને પ્રતીષ્ઠા બંને મળે છે. ધર્માભાસ અને તેમાંથી ઉત્પન્ન થતું ધર્મઝનુન આપણા મગજને વીકાસ કરવા માટે નવા વીચારો કરવા દેતું જ નથી.

શુદ્ધ જૈન દર્શન પ્રમાણે જયોતીષશાસ્ત્ર મીથ્યાશાસ્ત્ર બન્યું, પરંતુ દુર્ભાગ્યે આમ સમાજ પર આ બધી જ અંધશ્રદ્ધાઓની એટલી જબ્બર પકડ છે કે જૈન યતીઓએ પણ રાજવી, શ્રેષ્ઠી અને આમવર્ગને આકર્ષવા જયોતીષ, તંત્રમંત્રાદીને સાધન બનાવ્યું.

ગ્રહદશા અને ભાગ્યફળની અંધશ્રદ્ધાની પકડના કારણે આમસમાજ ચમત્કારોમાં માનતો થઈ ગયો. શ્રી હસુ યાજ્ઞીક લખે છે કે, ‘આમ શુદ્ધ આધ્યાત્મીકતા કે ધર્મની પરીશુદ્ધ એવી વીભાવનાને બદલે, ચમત્કારના તત્ત્વને, એના સ્થુળ અંગને જ પ્રાધાન્ય મળ્યું.

* * *

આમ થયું તેમાં તે સંતોનું જ કર્તવ્ય નથી કેમ કે જલારામ બાપા અને શીરડીના સાંઈબાબા નીષ્કલંક અને ઉત્તમ સેવાધારી સંતો હતા, પરંતુ તેમના પરચાઓ ચલાવ્યા તેમના અનુયાયીઓએ. એક વ્યવસ્થીત તંત્રરુપે, પ્રજાની નાડ પરખીને. સૌરાષ્ટ્રના જે દેવીદાસ તથા અન્ય સંતો છે તે પણ નીષ્લંક સેવાધારી સંતો હતા, જેમણે કયારેય કોઈ સ્થુળ ચમત્કાર કર્યા નહોતા. કે એને મહત્વ પણ આપ્યું ન હતું. એમની સાધના ને કર્મનીષ્ઠા જ મોટામાં મોટા ચમત્કાર ગણાય તેવા છે, પરંતુ તેમનાં પણ અનુયાયીઓએ ચમત્કારોને વણી લીધા.

* * *

સંત જીવનની ઘટનાઓ અને એમાં રહેલા ચમત્કારો અને પરચાઓ આમ સમાજની મનોવૈજ્ઞાનીક પરીસ્થીતીમાંથી જન્મે છે. પરચાનું આગવું મનોવીજ્ઞાન છે. કોઈ સંતના જીવનની સર્વયોગ્યતા અને આદર્શમયતા પ્રજાના બૃહદ માનસપટમાં અંકીત થાય

છે, ત્યારે એમની વીશીષ્ટ ઈમેજ પ્રજામાનસમાં બંધાય છે. પરચાઓ પ્રજાગત ઈમેજનું પ્રતીરુપ છે, અને વાસ્તવીકતાના, શકયતા કે અશકયતાના, સંભવ કે અસંભવના ધોરણે ચકાસવાને બદલે પ્રજામાનસના વીશીષ્ટ મનોદશાના અંગ તરીકે અભ્યાસવાં જોઈએ.' આમ ગ્રહદશા, ભાગ્યફળ, ચમત્કારો વગેરે એકબીજા સાથે સંબંધીત છે.

અમુક ગ્રહ પોતાને નડતા હોવાની વૃત્તીને પણ પુર્વગ્રહ જ કહેવાય. આમ પુર્વગ્રહ એ ગ્રહોનો પણ ગ્રહ છે.

* * *

## વાહ રે મનુષ્ય જાતી !

–મધુભાઈ કાકડીયા

વાહ રે મનુષ્ય જાતી ખરી પણ માણસાઈની જાતી કયાં ? હીન્દુ હોય યા મુસલમાન, ધર્મના નામે બેય મરે તો પણ એકેય ન સમજે. પછી ધીરેન્દ્ર શાસ્ત્રી બાગેશ્વર ધામવાળો જરીકેય ખોટું નથી કહેતો. પાગલ લોકો એ કયારેય પણ વીચારતા નથી કે આપણા હક શો છે ? આપણને કોણ છેતરી રહયું છે એ સમજવા લોકો તૈયાર નથી એટલે ગાંડા પણ ખરા. અને પૃથ્વી પર આવ્યા ત્યારે ઈન્સાન તરીકે આવ્યા પણ નીચે આવ્યા ત્યાં બધા કીડા અને મંકોડા જેવા બની ગયા કારણ કે મેં સર્વે કર્યો ત્યારે ખબર પડી કે તમારા કયા હક માટે કયા અરજી કરવી અને કરવી હોય તો કેટલાને આવડે છે તો એકેય જવાબ નથી આપી શકતા, પણ જો ધર્મની વાત આવે તો કહેશે 'મારો ધર્મ મહાન ! એમાં આમ કરવાનું આવે.' એમાં તેમ કરવાનું આવે એક સરખો જવાબ કયાંય નહીં હોય. બ્રાહ્મણો વીધી કરે એનું રહસ્ય હજી કોઈ સમજયું નથી અને સમજશે પણ નહીં. બ્રાહ્મણ એની પાછળનું રહસ્ય સમજાવશે પણ નહીં, અને સમજાવે તો એમાંથી કાંઈ નીપજવાનું પણ નથી કારણ કે બધું ખોટું છે, છતાંય ધર્મ મહાન ! એમાં બનતા હાદસાઓ, અષાઢી બીજની જગન્નાથ યાત્રા હોય યાત્રામાં શોર્ટ સર્કીટથી લોકો મરે તો ય ભગવાન ન આવે, એમ તાજીયાનું જુલુસ હોય એમાંય શોર્ટ સર્કીટથી મરે, મકકા મસ્જીદ જીન્નત ને મારવા પથ્થર મારો કરે ત્યારે નાસભાગમાં અસંખ્ય લોકો મરે ત્યારે અલ્લાહ ન આવે, આવા તો એક એક તહેવારમાં લોકો મરતા હોય છે, છતાંય કયારેય ભગવાન કે અલ્લા આવતા નથી, અને પ્રજા ગાડરીયો પ્રવાહ. મગજને થાપ મારી દીધા છે. તારીખ ૧૩–૭–૨૦૨૩ ના રોજ ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં નાસભાગમાં ૧૦ ઘાયલ, આ દેશની પાગલ પ્રજા ભ્રષ્ટાચાર હટાવવા હવનો કરે, તારીખ ૩૧–૭–૨૦૨૩

ના રોજ ગુજરાત સમાચારમાં હેડીંગમાં આખા દેશમાંથી તેર લાખથી વધુ મહીલાઓ અને છોકરાઓ ગુમ. કરાવો હવન, બેસાડો શીવપુરાણ, બેસાડો ગરુડ પુરાણ, બેસાડો સપ્તાહ જેથી આવી જાય તો અસંખ્ય બનાવો બને છે. બે બૈરાઓને તેમ જ વણકર સમાજના તેમ જ અન્ય છોકરાઓને લાકડીઓથી મારતા હોય એવા અસંખ્ય વીડીયો આવે છે, કોઈ કાર્યવાહી નહીં અને કાર્યવાહી થતી હોય તો પ્રજા સુધી કેમ બહાર આવતું નથી એ જાણવા માટે પણ કરો હવન. પાગલ લોકો અહીંયા બીનકાયદેસર હોય તે મંદીર તોડી નાંખ્યું. અહીંયા બીનકાયદેસર હોય તે મશીદ તોડી નાંખી ત્યારે અલ્લાહ કે ભગવાન કેમ નથી આવતા ? કારણ કે એ વીચારે છે કે આ પ્રજા મરવા માટે પેદા થઈ છે. મરવા દ્યો. તો હે મારા વાલા દરેક સમાજ જાતીના માણસો, માણસ થાઓ અને માણસાઈ તરીકે જીવતા શીખો. તારીખ ૨–૮–૨૦૨૩, મણીપુર અને હરીયાણા : બે સમુદાયો સામે સામે લડાઈ કરે છે, એ છોડો, અને માણસ થાવ. તમારા હક કયાં છે તેને માટે લડો. દરરોજના ધર્મના નામના આખા ભારતમાં લડાઈ ઝઘડા સતત ચાલુ છે. તારીખ ૨–૮–૨૦૨૩, ના દીવ્ય ભાસ્કરમાં હકીકતનો લેખ આવેલો છે. પાંચમું ધોરણ નાપાસ એવા જલેબી બાબા ઉર્ફે બીલુ અમરપુરી સાધુએ ૧૦૦ થી વધારે સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો, પછી એની ઉપર કેસ થયો અને ગયો જેલમાં. આવા તો અસંખ્ય જેલમાં ગયા છે. એક સાધુ વીશ્વંભર શાસ્ત્રી જોડે મારી ચર્ચામાં મારા પુછવાથી સાધુએ જણાવ્યું કે આમ જનતાને તો એક જ શ્રદ્ધા હોય. અમે ધારીએ તેને અમે અમારી બૈરી કરીએ. એમને કહેવામાં આવે કે તમારી જોડે સંભોગ કરવો પડશે નકર તમારા ઘરમાં અજુગતુ થશે. અમે જાણીએ છીએ અને તમારે કોઈને કહેવાનું નહીં, કહેશો તો પણ અજુગતું બનશે. આટલું સરળ પછી શું કરવા સાધુ ન થાય ? જોશી હોય કે ભુવા હોય, ફકીરો, ઓલીયાઓ, મુંઝાવરા, પાદરીઓ, જૈન સાધુઓ બધાના આવા જ ધંધા છે. કરાવો બધાની લેબોરેટરી. કથાકાર જીગ્નેશ દાદા એના મુખેથી કહે છે અમારા બ્રાહ્મણોનો ધંધો કેટલો સારો છે કે લોકો અમને સામે ચાલીને પગે લાગીને પૈસા દે છે.' અને કથાકારો પણ બૈરાઓને છોડતા નથી. એના પણ મારી પાસે પુરાવા છે એટલે શુ કરવા કથાકાર ન બને ? શું કરવા સાધુ ન બને ? મહેનત કરવી જ નહીં અને પગે લાગીને લોકો પૈસા આપે. મનુષ્ય જાતીના બધા ધર્મોના સાધુઓએ શું દેશ માટે કલ્યાણ કર્યું ? આમ જનતા ઉપર ગમે ત્યારે જુલમ થતો હોય ત્યારે કમ સે કમ વીરોધ તો નોંધાવવો જોઈએ. એ પણ નથી કર્યો. લોકો, જાગો, કયારેય ભગવાન, અલ્લા, ગોડ, પાદરી દીગંબરો નહીં આવે. જેથી કરીને આમ જનતાને વીનંતી. જાગો થોડું મગજ વાપરો.

## આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ – કૃત્રીમ બુદ્ધીમતા અંગે

આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ – એ આઈના સર્જનનો મુખ્ય હેતુ ટેકનોલોજીને ઉપભોકતા–મીત્ર બનાવવાનો છે. વધુ ને વધુ સ્વયં સંચાલીતતા (Autumation) ને આગળ વધારીને સંપુર્ણ સ્વયં સંચાલીતતા સાધવાનો બીજો હેતુ છે. આમ કરવાથી લોકોને પુનરાવર્તનીય અને ભયજનક કામો કરવામાંથી મુકતી મળશે. આથી લોકો જે વીપુલ માહીતી મળે છે તેનું પૃથકકરણ કરવા અને સમજવા માટે સમય ફાળવશે. વધુને વધુ આનંદ–પ્રમોદ કરી શકશે. ઈ.સ. ૨૦૦૨માં આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ (કૃત્રીમ બુદ્ધીમતા)ના આ હેતુ જાહેર થયા હતા. આથી પ્રજા અને સરકાર એના સંશોધનો માટે સહકાર અને સાધનો આપતી રહી. આજે જે સ્વરુપે એ આપણી સમક્ષ આવી છે તે આ હેતુઓ કરતાં જુદા જ સ્વરુપે આવી છે. સ્વયંસંચાલીતતા ઉપરાંત એ માનવ–મગજનાં બધા જ કામ કરવાની ક્ષમતા ધરાવતી થઈ છે. મગજનાં કાર્યોની ગુણવત્તા કરતાં એની ગુણવત્તા પણ ઉંચી પુરવાર થવા માંડી છે. માણસની બનાવેલી આ કૃત્રીમ બુદ્ધીમતા માણસને જ બધા ક્ષેત્રોમાંથી વીદાય કરે એવી ક્ષમતા સાથે એ આપણી વચ્ચે છે! (–સુ.)

---

'હું, હું છું' ની સભાનતા હોવી એ ખુબ મોટું રહસ્ય રહયું છે. ઉપરાંત, આજુબાજુની દુનીયાની આપણા પક્ષે સભાનતા પણ એટલું મોટું રહસ્ય છે. આ રહસ્યને કૃત્રીમ બુદ્ધીમતા સમજવા લાગી છે.

## આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સનો અવકાશમાં ઉપયોગ

દુર દુરના અવકાશી સ્થળ પર જવાનું માણસ માટે ખુબ મુશ્કેલ છે. આપણી પાસે એવા રોકેટ અને અવકાશ–યાન છે કે કે જે દુરદુરના અવકાશમાં જઈ શકે તેમ છે. મોટી મર્યાદા એ છે કે ત્યાં જઈને ત્યાંની પરીસ્થીતી સમજી શકે એવા માણસનું આયુષ્ય માંડ ૧૦૦ વર્ષનું છે. એ જીવે ત્યાં સુધી એને જીવવા માટેની જરુરીયાતો વીવીધ અને મોટા પ્રમાણમાં હોય છે. દુર દુરના અવકાશમાં જવા માટે આમ માણસની પાત્રતા નથી. આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી આ મર્યાદા ઓળંગી શકાય તેમ છે. એને જીવવા માટે એના 'શરીર'માં વીદ્યુત પ્રવાહ વહેતો રહેવો જોઈએ. એ આપણી બેટરીઓથી, સૌર–શકતી અને અન્ય તારા–શકતીથી મેળવી શકાય. એને શરીરને રક્ષીત રાખવા માટે કોઈ 'કપડાં'ની જરુર પડતી નથી. આથી એમને જો રોકેટથી ઉંચકી લેવાય અને પછી દુર દુરના અવકાશમાં મોકલવામાં આવે તો એ માણસની જેમ જ ત્યાંની પરીસ્થીતીને પામી શકે અને કુશળતાથી પડે પોતે જે 'જોય', અને ફોટા પાડે, તેમ જ સમજે, તે બધું આપણને મોકલી પણ શકે. આપણે રેશનાલીસ્ટોએ એ જોવાનું છે કે અવકાશમાં એનો ઉપયોગ આપણી જ્ઞાનવૃદ્ધી માટે થાય. એને અવકાશમાં મોકલીને પૃથ્વીનો વીનાશ કરવામાં નહીં થાય.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2019-2021 (with prepayment of postage)

## આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ : ચંદ્ર – મંગળ પર

અમેરીકાની નાસા જેવી સંસ્થાઓએ અર્ધ–સ્વયં સંચાલીત રોબોટ્સ ચંદ્ર અને મંગળ પર મોકલવા માંડયા છે. એ પ્રયોગોથી એવું સમજાયું છે કે માનવવીહોણા આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સવાળા રોબોટ–અવકાશયાનનું સંચાલન સુપેરે કરી શકશે. ત્યાંથી માટી વગેરેના નમુના લાવી શકશે, ત્યાં નીયત પ્રયોગો પણ કરી શકશે, ત્યાં માનવ–વસવાટ કરી શકશે, અને તેઆ બધુ ત્યાંના કઠીણમાં કઠીણ વાતાવરણમાં કરી શકશે !

## જાદવ પુછે છે :

–સુર્યકાન્ત શાહ

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરીયા પુછે છે :

દુનીયા ચલાવનાર જો એક જ હોય તો આ ઝઘડા શા માટે ? અને જો અનેક હોય તો સાચો કોણ ?

દુનીયા ચલાવનારુ કોઈ અપાર્થીવ તત્ત્વ છે જ નહીં. કોઈ દુનીયાને ચલાવે અને દુનીયા ચાલે એવું માનવું એ અજ્ઞાનતા છે. સાતસો વર્ષે પુર્વે આપણા વડીલોને સમજ પડતી નહોતી કે આજુબાજુ જે કંઈ ‘ચાલે’ છે તે એની મેળે ચાલે છે, ચાલવા માટેના એના પોતાના વીવીધ કુદરતી નીયમો છે.

એક વાર જે નહીં હોય તે હોવાની માન્યતાનો સ્વીકાર કરીએ ત્યારે જુદી જુદી વ્યકતીઓ અને જુથો પોતપોતાની માન્યતા અને કલ્પના અનુસાર એ ચલાવનારના ‘ભ્રમ’માં સપડાય. આપણામાંના મોટા ભાગના લોકો હજી પણ આ માનસીક ગુલામીમાંથી મુકત થયા નથી. હવે, પોતપોતાની માન્યતા લઈને આપણે બેસી રહીએને તો ઝઘડા નહીં થાય, પરંતુ આપણામાં અડસાચડસી કરવાની ખુબી છે. ‘તારા કરતાં હું વધારે સારો’નો દુષ્ટ ભાવ આપણામાં સહેલાઈથી પ્રવેશે છે. પરીણામે આ જુદી જુદી માન્યતાવાળા પછી–પોતાની માન્યતાને શ્રેષ્ઠ કરવાને માટે અનંત ઝઘડા કરે છે. આ ઝઘડાનો અંત આવવાનો જ નથી. આથી એ અનેકમાંથી એક ‘સાચા’ને ગોતી શકાય એમ જ નથી. જે નથી, તે નથી !

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**